જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૬/૦૫/૨૦૨૧ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૮૫૮/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૫/૦૫/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૪૭૬	૧	૧૧૪૭૭	૧૭૫૯૫	૧	૧૭૫૯૬
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૮	૦	૪૭૦૮	૬૨૪૩	૦	૬૨૪૩
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૮૨	૦	૮૨	૨૯૬	૦	૨૯૬
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૪૬૧૪૧	૨૯૪	૪૬૪૩૫	૪૬૯૦૬	૨૯૪	૪૭૨૦૦
કુલ		૬૨૪૦૭	૨૯૫	૬૨૭૦૨	૭૧૦૪૦	૨૯૫	૭૧૩૩૫

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૦૬	૧,૨૧,૩૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૭૨૩	૧૭,૨૩,૦૦૦/-

સ્નેચીંગના ગુનાના આરોપીની અટકાયતની વિગત

ઈસનપુર પોલીસ સ્ટેશન

ગણતરીના કલાકમા સ્નેચીંગ કરેલ મોબાઇલ ફોન સાથે એક આરોપીને પકડી પાડી મોબાઇલ સ્નેચીંગનો ગુનો શોધી કાઢતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.અધીક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જે"ડીવીઝન સાહેબનાઓ તરફથી મિલ્કત સબંધી ગુનાઓ બનતા અટકાવવા તથા મિલ્કત સબંધી વણ શોધાયેલા ગુનાઓ શોધી કાઢવા સુચના આપતા હોય જે સુચના આધારે સીનીયર પોલીસ ઇન્સપેકટર શ્રી જે.વી.રાણા સાહેબ નાઓના સીધા માર્ગ દર્શન અને સુચના મુજબ સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ ડી.જે.લકુમ તથા સર્વેલન્સ સ્કોડના માણસો ઇસનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા ફરતા હતા દરમ્યાનમા પેટ્રોલીગમા ફરતા ફરતા ઇસનપુર આબાદ એસ્ટેટ પાસે આવતા અ.હે.કો પ્રભાતસિહ દેવુભા તથા અ.પો.કો માનસંગભાઇ ગફલભાઇ નાઓને મળેલ સયુક્ત બાતમી આધારે તા ૧૨/૦૫/૨૦૨૧ ના કલાક ૧૩/૪૫ વાગે આરોપીઓ (૦૧) મુકદ્દસહુસેન અનવરહુસેન શેખ ઉ.વ ૪૭ રહે,મ.નં એ/૩ શક્તિ સોસાયટી ફીરદોશ મસ્જીદ સામે નવા ઢોરબજાર રોડ દાણીલીમડા અમદાવાદ શહેર તથા (૦૨) સાદાબ યુનુસભાઇ શેખ ઉ.વ ૨૦ રહે, પ્રભુનગર વિભાગ-૧ મહીમા જવેલર્સની બાજુના ખાંચામા દાણીલીમડા ગામ દાણીલીમડા અમદાવાદ શહેર શહેરનાઓને પકડી પાડી તેઓની પાસેથી સદર ગુનાનો રીયલમી કંપનીનો એકસ-૭ મોબાઇલ ફોન જેનો આઇ.ઇ.એમ.આઇ-નંબર ૮૬૨૦૪૪૦૫૦૪ ૭૧૨૯૬ તથા ૮૬૨૦૪૪૦૫૦૪૭૧૨૮૮ કિંમત રૂપીયા ૧૮૪૯૯/-નો તથા ગુનો કરવામા વાપરેલ એકસેસ ટુ-વ્હીલર નંબર જી.જે-૨૭ સી.એસ-૧૦૯૮ કિંમત રૂપિયા ૩૫,૦૦૦/-ની મળી કુલ રૂપિયા ૫૩,૪૯૯/-નો મુદ્દામાલ રીકવર કરી ઇસનપુર પોલીસ સ્ટેશન ગુના નં પાર્ટ-એ-૧૧૧૯૧૦૨૨૨૧૧૫૩૯/૨૦૨૧ ઇ.પી.કો કલમ ૩૭૯(એ)૩,૧૧૪ મુજબનો ગુનો શોધી કાઢેલ છે.

નોધ;- આરોપી મુકદ્દસહુસેન અનવરહુસેન શેખ ઉ.વ ૪૭ રહે,મ.નં એ/૩ શક્તિ સોસાયટી ફીરદોશ મસ્જીદ સામે નવા ઢોરબજાર રોડ દાણીલીમડા અમદાવાદ શહેરનાનો દાણીલીમડા પોલીસ સ્ટેશનનો હિસ્ટ્રીશીટર છે અને અગાઉ અમદાવાદ શહેરના જુદાજુદા પોલીસ સ્ટેશનોમા અસંખ્ય ગુનાઓમા પકડાયેલો છે.



ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

ઈસનપુર પોલીસ સ્ટેશન

ટોરન્ટ પાવરની જુદીજુદી જગ્યાઓએ આવેલ ડી.પી માથી ફ્યુઝની ચોરી કરતા એક ઇસમને પકડી પાડી ઇસનપુર પોલીસ સ્ટેશન,દાણીલીમડા પોલીસ સ્ટેશન,મણીનગર પોલીસ સ્ટેશનનો ફ્યુઝ ચોરીનો ગુનો ડિટેક્ટ કરતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સા.શ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પો.કમિ.શ્રી "જે" ડીવીજન સાહેબ નાઓ તરફથી મિલ્કત સબંધી ગુનાઓ બનતા અટકાવવા તથા વણ શોધાયેલ મિલ્કત સંબંધી ગુનાઓ શોધી કાઢવા અવાર-નવાર સુચનાઓ મળતી હોય જે બાબતે સીનીયર પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.વી.રાણા સાહેબ ઇસનપુર પોલીસ સ્ટેશનનાઓના સિધા માર્ગદર્શન અને સુચના મુજબ સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ ડી.જે.લકુમ નાઓ સર્વેલન્સ સ્કોડના માણસો સાથે ઇસનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા ફરતા હતા દરમ્યાનમા તા.૧૦/૦૫/૨૦૨૧ ના કલાક ૨૦/૩૦ વાગે ઇસનપુર બસ સ્ટેન્ડ પાસેથી અ.હે.કો કુલદિપસિહ હરૂભા તથા અ.હે.કો રમણજી મનજીજીનાઓની સયુક્ત બાતમીથી આરોપી રાજુભાઇ બળદેવભાઇ સોલકી ઉ.વ ૩૮ રહે મ.ન ૩૮૬ વટવા ચાર માળીયા દુર્ગાનગર સદભાવના ચોકીની પાછળ વટવા અમદાવાદ શહેરનાને ચોરીમા ગયેલ એચ.આર.સી ફ્યુઝ નંગ-૨ કિંમત રૂપિયા ૧૧૬૮/- તથા એચ.આર.સી ફ્યુઝની પિત્તળ જોડીમા એક સરખી ૨૩ ફ્યુઝની પટીઓ કિંમત રૂપિયા ૬૯૦૦/-ની તથા એચ.આર.સી ફ્યુઝની પિત્તળની છુટી સિંગલ ૬૦ પટ્ટીઓ કિંમત રૂપિયા ૯૦૦૦/-ની મળી કુલ રૂપિયા ૧૭,૦૬૮/-ના મુદ્દામાલ સાથે પકડી પાડી ઇસનપુર પોલીસ સ્ટેશન ગુના નં પાર્ટ-એ-૧૧૧૯૧૦૨૨૧૧૪૯૧/૨૦૨૧ ઇ.પી.કો કલમ ૩૭૯ તથા દાણીલીમડા પોલીસ સ્ટેશનનો એક ગુનો તથા મણીનગર પોલીસ સ્ટેશનનો એક ગુનો મળી કુલ ત્રણ ગુના શોધી કાઢેલ છે તા.૧૫/૦૫/૨૦૨૧

પેરોલ જમ્પ થયેલ આરોપીની અટકાયતની વિગત

ઈસનપુર પોલીસ સ્ટેશન :

પેરોલ રજા ઉપરથી ફરાર થઇ ગયેલ આરોપીને પકડી પાડી સાબરમતી સેન્ટ્રલ જેલમા મોકલી આપતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પો.કમિશ્નર શ્રી "જે" ડીવીજન સાહેબનાઓ તરફથી અવાર-નવાર નાસતા-ફરતા તથા પેરોલ/ફર્લો/વચગાળાના જામીન ઉપરથી ફરાર આરોપીઓને શોધી કાઢવા સારૂ સુચના મળેલ હોય જે બાબતે સીનીયર પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.વી.રાણા સાહેબ ઇસનપુર પોલીસ સ્ટેશનનાઓના સીધા માર્ગદર્શન અને સુચના મુજબ તા ૧૫/૦૫/૨૦૨૧ ના રોજ સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ ડી.જે.લકુમ નાઓ સર્વેલન્સ સ્કોડના માણસોની સાથે ઇસનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા ફરતા હતા દરમ્યાનમા શાહઆલમ દરવાજા પાસે આવતા અ.હે.કો કિશનભાઇ ભીખાભાઇ તથા અ.પો.કો દશરથભાઇ પરસોત્તમભાઇ નાઓને સયુક્ત બાતમી હકિકત મળેલ કે પાકા કામનો કેદી આસીફ ઉર્ફે લોબાન બાબુભાઇ રેશમવાલા ઉ.વ.૩૫ રહે-મકદુમશા બાવાની દરગાહ પાસે કાચા છાપરામા સિંધીવાડ હજીરા જમાલપુર અમદાવાદ શહેરનાનો સાબરમતી જેલમાથી તા ૦૬/૦૩/૨૦૨૦ ના રોજ દિન-૧૫ ની પેરોલ રજા ઉપર છુટીને આવેલ અને તા ૧૫/૦૫/૨૦૨૧ ના રોજ પેરોલ રજા પુરી થતા પરત જેલમા હાજર થવાનુ હતુ પરંતુ તે જેલમા પરત હાજર ન થઇ ફરાર થઇ ગયેલ તેને તા ૧૫/૦૫/૨૦૨૧ ના કલાક ૧૪/૦૦ વાગે પકડી પાડી બાકીની સજા ભોગવવા માટે સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતે મોકલી આપવામા આવેલ છે તા ૧૫/૦૫/૨૦૨૧

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૮૫૯/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૫ કેસ કરી, ૧૧ વ્યક્તિઓને ઝડપી, ૨૫ લીટર દેશી દારૂ, ૫૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૫ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૧૧ કેસ કરી ૫૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨,૧૩,૯૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૮૬૦/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૮૬૧/૨૦૨૧**

ઘાટલોડીયાઃ જયંતભાઈસુરેન્દ્રભાઈ શાહ (ઉ.વ.૫૫) (રહે. સત્યમ એપાર્ટમેન્ટ આદીનાથ ચોક જૈન દેરાસર પાસે સોલા નારણપુરા) એ તા.૧૫/૦૫/૨૦૨૧ ના રોજ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૦૨/૨૦૨૧ ના રોજ મોબાઈલ નંબર ૮૦૯૨૦૨૬૪૨૧ અને ૭૬૩૨૯૦૫૯૯૮ ના ધારકે યુનુસભાઈના મોબાઈલ ફોન પર ફોન કરી યુનુસભાને જીઓ કંપનીમાં નોકરી અપાવવાની વાત કરી પ્રોસેસ માટે યુનુસભાઈના દસ્તાવેજની માહીતી મેળવી લઈ યુનુસભાઈના ખાતામાંથી રૂપિયા ૪૨,૫૪૨/- ટ્રાન્સફર કરી મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વાય.આર.વાઘેલા ચલાવે છે.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૮૬૨/૨૦૨૧**

માધવપુરાઃ દિવ્યાંગભાઇ દિનેશભાઇ પંચાલ (રહે. મહાવિર કુટીર સોસાયટી બોમ્બે ગેરેજ સામે શાહીબાગ) એ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૦૫/૨૦૨૧ બપોરના ૩/૦૦ થી તા.૧૫/૦૫/૨૦૨૧ કલાક ૧૨/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી ઘરમાંથી સોના-ચાંદીના દાગીના તેમજ સોના-ચાંદીની લગડીઓ અને રોકડ રૂપિયા ૬૦૦૦/- મળી કુલ રૂપિયા ૭,૬૬,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.ટી.ઉદાવત ચલાવે છે.

દાણીલીમડાઃ યુનુસભાઇ કાદરભાઇ મેમણ (રહે. અલ-રેહાન રેસીડન્સી પહેલો માળ દાણીલીમડા) એ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૦૫/૨૦૨૧ કલાક ૧/૩૦ થી ૭/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના રસોડાની બારી વાટે અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી ઘરમાંથી સોનાની વિંટી નંગ-૩ અને રોકડ રૂપિયા ૩૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૪૨,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.ઓ.ભરવાડ ચલાવે છે.

આત્મહત્યા :- **સમાચાર યાદી નં.૮૬૩/૨૦૨૧**

સાબરમતીઃ ચેતનભાઈ અશોકભાઈ પરમાર (ઉ.વ.૩૦)(રહે.આશ્રય ગોલ્ડ ન્યુ રાણીપ) એ અગમ્ય કારણસર તા.૧૫/૦૫/૦૨૧ કલાક ૧૦/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં રૂમાલ બાંધી ગળેફાસો ખાતા સારવાર માટે તેમને ઝાયડસ હોસ્પીટલમાં લઈ જતા ફરજ પરના ડૉ.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નિરજકુમાર મહેશભાઇ ચલાવે છે.

મેઘાણીનગરઃ જયેશકુમાર દિલીપકુમાર ગોસ્વામી (ઉ.વ.૨૧)(રહે.ખાડાવાળી ચાલી મફાજી ભવાજીના છાપરાં કલાપીનગર મેઘાણીનગર) એ અગમ્ય કારણસર તા.૧૪/૦૫/૨૦૨૧ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે એસીડ પી લીધુ હતુ. સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા જ્યાં સારવાર દરમ્યાન તા.૧૫/૦૫/૨૦૨૧ સવારના ૫/૧૫ વાગે તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયેશકુમાર જયંતીલાલ ચલાવે છે.

સરદારનગરઃ દેવકુમાર જોડેપ્રસાદ સરોજ (ઉ.વ.૩૨)(રહે.નાગેશ્વર મંદિરની ચાલી ભરવાડ વાસ સુભાષનગર વિભાગ-૩ નોબલનગર સરદારનગર) એ અગમ્ય કારણસર તા.૧૪/૦૫/૨૦૨૧ રાતના ૧૧/૩૦ થી તા.૧૫/૦૫/૨૦૨૧ કલાક ૧/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખાના હુકમાં સાડી બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી અજીતસિહ છગનસિહ ચલાવે છે.

બાપુનગરઃ ધવલભાઇ અશોકભાઇ વાઘેલા (ઉ.વ.૨૭)(રહે.અંજની સોસાયટી સ્વામિનારાયણ મંદિર રોડ ઇન્ડીયા કોલોની બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૧૪/૦૫/૨૦૨૧ રાતના ૯/૩૦ થી ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન બાપુનગર શક્તિચેમ્બર્સના પહેલા માળે આવેલ પોતાના કારખાનામાં ગળેફાસો ખાતા સારવાર માટે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૫/૦૫/૨૦૨૧ કલાક ૧/૧૦ વાગે તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.આર.શેઠ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી